# આગામી તા.૨૩મીએ વલસાડમાં વડાપ્રધાનની ઉપસ્થિતિમાં કાર્યક્રમ

## કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે ગ્રામ વિકાસ સચિવે બેઠક યોજી

વલસાડ, તા.૧૬

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૨૩મી ઓગષ્ટે વલસાડ તાલુકાના જુજવા ખાતે અસ્ટોલ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત પ્રધાનમંત્રી આવાસ યોજનાના લોકાર્પણ કાર્યક્રમમાં પધારનાર છે. આ કાર્યક્રમને અનુલક્ષીને કાર્યક્રમ સ્થળે કરવાની થતી વ્યવસ્થાનું નિરીક્ષણ ગ્રામ વિકાસ સચિવ મોના ખંધારે કર્યું હતું. સભા સ્થળ ખાતે પ્રદર્શન સહિતની કામગીરીની જાણકારી મેળવી હતી અને જરૂરી સુચનો કર્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન સંબંધિત અમલીકરણ અધિકારીઓએ કરવાની કામગીરીની જાણકારી માટે સચિવે આઈ.પી. ગાંધી હાઈસ્કૂલ ખાતે બેઠક યોજી હતી. બેઠકમાં વડાપ્રધાનનાં કાર્યક્રમમાં સ્વાગત, લોકાર્પણ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત લાભાર્થીઓ સાથે લાઈવ ઈન્ટરેક્શન વગેરે બાબતોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર સી.આર. ખરસાણે વડાપ્રધાનના કાર્યક્રમ અંગે વહીવટી તંત્ર દ્વારા થઈ રહેલી કામગીરીની વિગતવાર જાણકારી આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નવસારી, સુરત જિલ્લા પોલીસ અધિક્ષક સુનિલ જોષી, અધિક નિવાસી કલેક્ટર કમલેશ બોર્ડર સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

લોકો રોકાયેલા છે. ઈડુક્કી બંધમાં પાણીની સપાટી હજુ ચિંતાજનક સ્થિતીમાં છે. એશિયામાં સૌથી મોટા બંધ તરીકે તેને ગણવામાં આવે છે. ૨૬ વર્ષના ગાળા બાદ તેના તમામ દરવાજા ખોલવામાં આવી ચુક્યા છે. હજુ પણ પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર રહેલી છે. ઈડુક્કીના જિલ્લા વહીવટીતંત્રએ પ્રવાસીઓને પહાડી વિસ્તારોમાં ન જવા માટે સૂચના આપી છે. સાથે સાથે ભારે વાહનોની અવરજવર ઉપર પણ બ્રેક મુકી દીધી છે. ૪૦ વર્ષમાં પ્રથમ વખત આવું બન્યુ છે જ્યારે ઈડુક્કી ડેમમાં પાંચ શેલ્ટરો ખોલી દેવામાં આવ્યા છે. ઈર્નાકુલમમાં ૬૫૦૦ અને ઈડુક્કીના ૭૫૦૦થી વધુ પરિવારોને માઠી અસર થઈ છે. કેરળમાં ભારે વરસાદના લીધે ભારે તબાઈ થઈ છે. પેરિયાર નદીમાં રૌદ્ર સ્વરૂપની સ્થિતી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાહાકાર મચી ગયો છે. જે વિસ્તારોમાં સૌથી વધારે અસર થઈ છે તેમાં ઈડુક્કી, મલપ્પુરમ, વાયનાડ જિલ્લાવો સમાવેશ થાય છે. વાયનાડ, પલક્કડ અને કોઝીકોડે જિલ્લામાં પણ હાલત કફોડી બનેલી છે. ઈડુક્કીના અડીમાલી શહેરમાં એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા થઈચુક્યા છે. અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઈડુક્કી બંધમાં પાણીની સપાટી ખુબ વધી જતાં જુદા જુદા દરવાજા ખોલવા પડ્યા હતા. મુખ્યમંત્રી પિનારાય વિજયને કહ્યુંછે કે, આર્મી, નેવી, કોસ્ટ ગાર્ડ અને એનડીઆરએફની મદદ અસરગ્રસ્ત વિસ્તારોમાં લેવામાં આવી છે. એનડીઆરએફની જુદી જુદી ટીમો સક્રિય છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે કોઝીકોડ અને વાલાયર વચ્ચે [illegible] આવ્યુ હતુ. કેરળમાં હાલમાં સુધારો થવાની કોઈ શક્યતા દેખાઈ રહી નથી.

### સ્વાતંત્ર્ય દિને લાલ

પહેલા પાનાનું ચાલુ

આયુષ્માન ભારત, અંતરીક્ષ માટે ભારતની ભવિષ્યની યોજના અને સેનામાં મહિલાઓની એન્ટ્રીની વાત કરી હતી. પીએમ મોદીએ જણાવ્યુ કે, ૨૦૨૨ સુધી કોઈ ભારતીય અંતરીક્ષમાં જશે, જેનાથી ભારતમાં અંતરીક્ષમાં માનવ મોકલનારો ચોથો દેશ બની જશે. લાલ કિલ્લા પરથી પીએમ મોદીએ જણાવ્યુ કે, હું આજે દેશવાસીઓને એક ખુશખબરી આપી રહ્યો છું. ૨૦૨૨માં જ્યારે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા કરશે અથવા તો તેનાથી પહેલા માં ભારતીનુ કોઈ સંતાન. દીકરો કે દીકરી અંતરીક્ષમાં

અલ્પેશ પાસે જબરદસ્તી સ્ટોર ઓપન કરાવ્યો હતો. તે સમયે અલ્પેશ ગભરાઈ જતા તેણે ખોટો પાસવર્ડ નાખી દીધો અને કેશ ડોર ઓપન કરતા એલાર્મ વાગી ગયુ હતું, જેથી લુંટારુઓએ તેનેન ત્યાં જ ગોળી મારી તેની હત્યા કરી દીધી હતી. અલ્પેશ પ્રજાપતિ છેલ્લા ૭ વર્ષથી અમેરીકામાં સ્થાયી હતો. યુવક એટલાન્ટાના મેકન સીટીમાં ગ્રોસરી સ્ટોરમાં નોકરી કરતો હતો. સમગ્ર ઘટનાની જાણ તેના પરિવારજનો તથા ગ્રામજનોને થતા સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પરિવારના સભ્યો અલ્પેશના અંતિમ દર્શન માટે અમેરીકા જવા માંગે છે. પરંતુ પરિવાર

કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેઓ ૩૭ ટેસ્ટ મેચો રમ્યા હતા. જેમાં એક સદી અને ૧૪ અડધી સદી ફટકારી કુલ ૨૧૧૩ રન બનાવ્યા હતા. ૧૯૭૪માં ભારતની સૌ પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં તેમણે ભારતનુ કેપ્ટનપદ સંભાળ્યુ હતું. તેઓ દેશવતી બે વન-ડે મેચ પણ રમ્યા હતા, જેમાં તેમણે એક અડધી ફટકારી હતી. આમ તેમણે આ બે વન-ડેમાં ૭૩ રન બનાવ્યા હતા. વાડેકરે ૧૯૯૦ના દાયકામાં ભારતીય ક્રિકેટ ટીમનુ મેનેજરપદ સંભાળ્યુ હતું. વાડેકર એવા જૂજ ભારતીયોમાંના એક છે જેમણે ટેસ્ટ ખેલાડી, કેપ્ટન, કોચ, મેનેજર અને પસંદગી સમિતના ચેરમેન જેવા

## ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમીટેડ

( – 99999GJ1958PLC000892)

રજી.ઓ.: પી.ઓ. ફતેહનગર, ઉધના, સુરત- ૩૯૪૨૨૦, ગુજરાત.

ફોન- ૦૨૬૧-૨૮૯૯૫૫૫ ઈમેઈલ- brcsurat@gmail.com

**કંપનીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા અને બુક ક્લોઝર અંગેની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમીટેડના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) તા.૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પાટીદાર ભવન, કડોદરા,સુરત- ૩૯૪૩૨૭, ગુજરાત ખાતે નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવેલા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે યોજાશે.

વધુમાં નોટીસ આપવામાં આવે છે કે, કંપની નિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ સાથે વંચાતા નિયમો અને શરતો અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) નીયમન ૨૦૧૫ ના નિયમન ૪૨ મુજબ કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ તા.૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ થી ૨૯મી સપ્ટેમ્બર,૨૦૧૮ દરમિયાન (બંને દિવસ સહિત) બંધ રહેશે.

ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમીટેડ, વતી

સહી/-

સ્થળ – સુરત. કુંજલ દેસાઈ

તા.૧૪/૦૮/૨૦૧૮ કંપની સેક્રેટરી

હતુ કે, અભૂતપૂર્વ પૂરના કારણે જે વિકટ સ્થિતિ સર્જાઈ છે. ૮મી ઓગસ્ટથી અવિરત વરસાદ પડી રહ્યો છે. રાહત કેમ્પમાં ૭૦૦૦૦થી વધુ લોકો આસરો લઈ રહ્યા છે. વાયનાડમાં સૌથી વધુ કફોડી હાલત બની છે. અહીં ૧૪૦૦૦ લોકો રાહત છાવણીમાં છે. નોકાસેના, સેના, એનડીઆરએફ અને હવાઈ દળની ટુકડી પણ અસરગ્રસ્ત વિસ્તારમાં લાગેલી છે. પુરના કારણે સૌથી વધુ કોઝીકોડ, ઈડુક્કી, કન્નુર અને વાયનાડમાં અસર થઈ છે. ઈડુક્કી અને ઈદમલયાર જળાશયોમાં પાણીની સપાટી હજુ ઘટી રહી નથી. નવેસરથી કોઈ ખુવારી થઈ નથી પરંતુ હાલત અભૂતપૂર્વ થયેલી છે. રાહત કેમ્પમાં મોટી સંખ્યામાં

### એમપીમાં ધોધ

પહેલા પાનાનું ચાલુ

બચાવવામાં સફળતા મળી છે. આ રેસ્ક્યુ દરમિયાન હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી હતી. જેમાં ૭ લોકોનુ હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યુ કરવામાં આવ્યુ હતું. મળતી માહિતી મુજબ, ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો શિવપુરીમાં સુલ્તાનગઢની પાસે આવેલ ધોધ પર પિકનિક મનાવવા એકઠા થયા હતા. જે દરમિયાન ધોધ પર પાણીનુ વહેણ વધી જતા પિકનિક મનાવવા ગયેલ લોકો ફસાઈ ગયા હતા. જે પૈકી ૧૧ લોકોના પાણીના વહેણમાં તણાઈ જવાના કારણે મોત થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. જોકે હજી સુધી આ અહેવાલની પુષ્ટી કરવામાં આવી નથી. જ્યારે ૪૦થી વધુ લોકો ફસાયા હતા, જે પૈકી ૭ લોકોનુ હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યુ કરવામાં આવ્યુ હતું, તો અન્યોને દોરડાવડે બચાવવામાં આવ્યા હતા. સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન પર એસપી હિંગાનકરની નજર હતી, જેમણે બચાવ કામગીરી સફળ થઈ હોવાની જાણકારી આપી